Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-24 | October – December 2016

# સ્ત્રી અસ્તિત્વ એક પ્રશ્ન

"સ્ત્રી અસ્તિત્વ એક પ્રશ્ન"! એવું માનવામાં આવે છે કે, સ્ત્રીપુરુષ તો એક સિક્કાની બે બાજુ છે. જીવનનું ગાડું બરાબર ચલાવવા માટે બંનેનાં એકત્વની જરૂર છે. એકલા પુરુષ કે એકલી સ્ત્રીથી આ જીવનચક્ર ચાલી શકે નહી. તો પછી શા માટે સ્ત્રીને એક 'વસ્તુ' એટલેકે 'Thing' ગણવામાં આવે છે. છતાં અનેક પડકારોની વચ્ચે સ્ત્રીઓ સશક્ત બની છે અને બનશે! ૩૩% અનામત સ્રીને પુરુષ સમોવડા બનાવવા માટે નથી અપાઇ રહી. સ્ત્રી માત્ર પોતાના માટે કમાવા ઘરની બહાર નથી નીકળી, તે એટલા માટે ઘરની બહાર નીકળી છે કે પતિને આર્થિક રીતે મદદ કરી શકે. અહી સમોવડા બનવાની નહી ભાર ઓછો કરવાની ભાવના રહેલી છે. ખરેખર તો સ્ત્રીને અનામતની જરૂર પણ નથી. આજે કોઈ એવું ક્ષેત્ર નથી જ્યાં સ્ત્રી પહોંચી ન શકી હોય. અને છતાં આજે પણ ઘણા લોકોને એવું કહેતાં સાંભળ્યા છે કે સ્ત્રીનું કામ 'વધાર' કરવાનું. મારે કોઈના પર દોષનાં ટોપલા નથી ઢોળવા. અહીં કોઈની પાસે અધિકાર માંગવાની લડાઈ નથી. કારણ કે માંગવાથી માત્ર ભીખ જ મળે છે! મારો ધ્યેય તો માત્ર સ્ત્રી કેવી હતી! કેવી છે! અને કેવી બની શકે છે! તે તરફ સૌનું ધ્યાન દોરવાનો છે.

એક પ્રશ્ન તમારા આગળ મૂકી હું મારી વાત પર આવીશ. સ્ત્રી શબ્દ સાંભળતા જ તેની જે છબી આપણી સામે ઉપસે છે તે કેવી છે? તે છે - લાગણીશીલ, પવિત્ર, પતિવ્રતા, આદર્શ, શાલિન, વ્યવહારકુશળ, અબળા, શોષિત, અત્યાચારને સહન કરનાર વગેરે વગેરે! આ બધા વિશેષણો સાથે સ્ત્રીને જીવવાની આદત પડી ગઈ છે. વર્ષોથી આ વિશેષણો તેની સાથે એક આવરણની જેમ વીંટાળાયેલા છે. પરંતુ એ તો માનવું જ રહ્યું કે ૨૧મી સદીમાં સ્ત્રીની આ છબી બદલાઇ ગઈ છે! સાર્વત્રિક રીતે થતા સ્ત્રીના શોષણ, અત્યાચાર, સામાજીક અન્યાય, આર્થિક અસમાનતા જેવા મુદ્દા, પ્રશ્નો ઊભા કરે છે કે, **શું સ્ત્રી શોષિત જ હોઈ શકે?** મારો જવાબ છે ના. અને કદાચ તમારો જવાબ પણ આજ હશે. સ્ત્રી પણ પુરુષની જેમ તેનાં આગવા વ્યક્તિત્વને ઉપસાવી શકે છે. એવી કેટલીય સ્ત્રીઓ છે કે જેમણે અત્યાર સુધી માત્રને માત્ર પુરુષોનાં ગણાતા ક્ષેત્રમાં ખાલી પગ નથી માંડ્યો સફળતા મેળવી છે. તે પછી યુધ્ધનું મેદાન જ કેમ ન હોય.

૧૯મી સદીમાં થયેલ **ઝાંસીની રાણી** લક્ષ્મીબાઈ એક એવું ઉમદા ઉદાહરણ છે જેઓ દેશની તમામ સ્ત્રીઓને સંદેશ આપે છે કે, સ્ત્રી જો પુરુષની જેમ યુધ્ધમાં જોડાઈ શકતી હોય તો તે કઈ પણ કરી શકે છે. દેશના પ્રથમ સ્વાતંત્ર સંગ્રામમાં તેમણે મહત્તવની ભૂમિકા ભજવી હતી. ઘોડેસવારી તેમજ તલવારબાજીમાં નિપુણતા મેળવી પોતાના મહેલમાં તેમણે મહિલાઓની સેના ઊભી કરી હતી. મહિલાઓને અધિકારસંપન્ન બનાવવા માટે તેમણે પોતાની સેનામાં મહિલાઓની ભરતી કરી હતી. આમ તેમણે મહિલા આર્મીની રચના ૧૯મી સદીમાં કરી હતી.

તેવી જ રીતે દઢ નિશ્ચય, સાહસ અને નિર્ણય લેવાની અદભૂત ક્ષમતાનાં કારણે **ઈન્દિરા ગાંધીએ** વિશ્વ રાજનીતિની દુનિયામાં લોહ સ્ત્રી તરીકે ઓળખ ઊભી કરી. અને ભારત દેશનાં પ્રથમ પ્રધાનમંત્રી બન્યા.

આ તો ભૂતકાળ છે. આજે સાંપ્રતમાં આપણી આસપાસ આવા અનેક દાખલાઓ આપણને મળશે. તે પછી રમતજગત હોય કે એવરેસ્ટ પર પહોંચવાનું હોય. ઈશ્વરે આપેલ શારીરિક અક્ષમતાને પાર કરીને આજે સ્ત્રી દરેક ક્ષેત્રે આગળ વધી રહી છે.

અવકાશયાત્રી **કલ્પના ચાવલાએ** પુરુષોનાં ગણાતાં ક્ષેત્રમાં પગ જમાવવા માટે ઘણા પ્રયત્નો કરવા પડ્યા અને અંતે અંતરિક્ષ યાત્રીઓનાં પ્રતિનિધિ તરીકે તેમની પસંદગી થઈ. મહિલા- સશક્તિકરણના માર્ગ પર કલ્પના ચાવલાએ આગળથી ચાલી આવતી પગદંડીને રાજમાર્ગ બનાવવા માટેની શૃંખલામાં એક નવી કડી ઉમેરી હતી.

**અરુણિમાં સિંહા** એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય મહિલા બની. જેને ૨૦૧૩માં પદ્મશ્રીથી નવાજવામાં આવી છે. દિલ્હીમાં નોકરીનું ઈન્ટરવ્યું આપવા જતી વખતે જનરલ કંપાર્ટમેન્ટમાં તેમની સાથે કેટલાક ચોરોએ ગળાની ચેન ખેંચવા બળજબરી કરી. તેમની સામે સંઘર્ષમાં ઉતરતા અરુણિમાને ચાલુ ટ્રેનમાંથી ધક્કો મારવામાં આવ્યો. પગ પાટા સાથે ઘસડાતા તેમણે પોતાનો પગ ખોવો પડ્યો. રૂંવાટા ઊભા કરી નાખે એવી આ આખી કથા તમે યુ ટ્યુબ પર તેમના જ શબ્દોમાં સાંભળી શકો છો. તેમના સંઘર્ષને વધાવવાના બદલે તેમના સામે ઘણાં પ્રશ્નો ઊભા થયા અને આ પ્રશ્નોના જવાબ આપવા માટે દવાખાનાના બેડ પર સૂતા સૂતા જ એવરેસ્ટ સર કરવાનો નિર્ણય લીધો. એ વાત ધ્યાનમાં રાખવાની છે કે તેમનો એક પગ પ્લાસ્ટીકનો હતો. લોકોને પોતાની હિંમતનો અને સત્યનો પરચો આપવા પોતાનાં આ સ્વપ્નને સાચું કરી બતાવ્યું. તેમની આ કથા પ્રેરક તો છે જ કરૂણ પણ છે. આ લેખ વાંચ્યા બાદ જો ૧૦% લોકો પણ જો યુ ટ્યુબ પર તેમનું વ્યાખ્યાન સાંભળશે તો અનેક સ્ત્રીઓને પ્રેરણા તો મળશે જ પરંતુ અરુણિમાં સિંહાની મહેનતને પણ સલામી મળશે.

પુરુષ પ્રધાન ગણાતા બેંકિંગ ક્ષેત્રમાં આર્ટસની વિદ્યાર્થીની ચંદા કોચરે અથગ પરિશ્રમ અને અટલ વિશ્વાસથી અલગ ઓળખ ઊભી કરી છે. સ્નાતક થયા પછી એમ.બી.એ થયા. આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં મેનેજમેન્ટ ટ્રેનીંગમાંથી બેંકનાં સૌથી ઉચ્ચ ડીરેક્ટરના પદને તેમણે પ્રાપ્ત કર્યું અને ફાર્બસ મેગેઝિનમાં દુનિયાની સશક્ત મહિલાઓમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. આઈ.સી.આઈ.સી.આઈ. બેંકને આર્થિક મંદીમાં પણ સફળતા સુધી પહોંચાડવામાં તેમનું ઘણું યોગદાન છે.

રમતનાં મેદાનમાં, બેડમિંટનમાં વિશ્વ ભરમાં સાનિયા નહેવાલે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમણે ભારત સરકાર તરફથી પદ્મશ્રી તેમજ રાજીવ ગાંધી પુરસ્કાર પ્રાપ્ત થયા છે. રમતનાં મેદાને તો આપણને અનેક સશક્ત ખેલાડીઓ આપ્યા છે. જેમ કે- પી.ટી. ઉષા, સાનિયા મિર્ઝા, મેરી કોમ, લજ્જા ગોસ્વામી
અને હમણાં જ ઓલમ્પિકમાં પ્રથમ મહિલા ભારતીય એથલેટ તરીક પોતાનો પગ જમાવનાર દિપા કરમાકરની સફળતાએ વિશ્વભરમાં ભારત દેશનું નામ રોશન કરી દીધું છે.

"વિશ્વના પ્રતિસ્ઠિત બિઝનેસ મેગેઝિન ફોર્બ્સનો ૨૦૧૬ નો અહેવાલ" (ગુજરાત સમાચાર, ૮/૪/૨૦૧૬મ શુક્રવાર, પૃ. ૧૭) મુજબ રિલાયન્સના નીતા અંબાણી એશિયાનાં સૌથી પાવરફૂલ બિઝનેસ

વુમનની યાદીમાં પ્રથમ સ્થાને છે. બિઝનેસના ક્ષેત્રે જે.કે.વ્હાઈટ સીમેન્ટના ચેરમેન, ઓનેસ્ટ રેસ્ટોરેન્ટના ચેરમેનનું સ્થાન મોખરે છે. ૧૯૫૯માં આંઠ મહિલાઓએ ૮૦રૂ. ના રોકાણથી ઘરની છત પર પાપડ બનાવવાની શરૂઆત કરી હતી. આજે તે સ્ત્રીઓ ૪૫,૦૦૦ સ્ત્રીઓને રોજગારી પુરી પાડી રહી છે. વિશ્વભરમાં આજે તેમણે 'લિજ્જત પાપડ" બ્રાન્ડનેમથી પોતાનો પગ જમાવ્યો છે. આવાં આવાં કેટલાય ઉદાહરણો સાબિત કરે છે કે સ્ત્રીઓને ૩૩% અનામતની નહી સમાજના હકારાત્મક બળની જરૂર છે.

યાદ કરો આપણા પ્રથમ મહિલા આઈ.પી.એસ. ઓફીસર કીરણ બેદીને તેમણે આ ક્ષેત્રમાં પ્રથમ પગ માંડ્યો હતો. હમણાં જ ૨૦૧૪-૧૫માં લેવાયેલ આઈ.એસ. પરીક્ષાનાં પરિણામો જુઓ, ટોપ ટેનમાં પ્રથમ, દ્વીતિય અને તૃતિય સ્થાને મહિલાઓ જ છે. તેમાં પ્રથમ આવનાર મહિલા ઈરા સિંગલ શારીરિક રીતે અંપગ છે. આવા અનેક દાખલાઓ આપણને આપણા જ સમાજમાંથી મળી રહેશે. તો પછી મહિલાને શા માટે અશક્ત માનવામાં આવે છે!

વાતો કરવા બેસીએ તો આવાં અનેક ઉદાહરણો આપણી આંખ સામે આવે. યુધ્ધના મેદાનથી લઈને રમતના મેદાન સુધી, ખેતરથી લઈને એવરેસ્ટ સુધી, કંડક્ટરથી લઈને પાયલોટ સુધી, નોકરીથી લઈને સફળ બિઝનેસ વુમન સુધીની શ્રેણીમાં સ્ત્રીએ પોતાનો પગ જમાવ્યો છે. જે સાબિત કરે છે કે સ્ત્રી પાછળ હટી નથી અને હવે તો હટવાની પણ નથી! આ ઉદગાર માત્ર સ્ત્રી હોવાના કારણે મેં નથી કર્યો કેટલાય પુરુષો પણ હવે આ વાતથી સંમંત હશે.

નારીચેતના વિશે ઘણું સાંભળવાનું બન્યું છે. મનમાં એક પ્રશ્ન વારંવાર ઉદ્દભવે છે કે શું સ્ત્રીની સંપૂર્ણતા લગ્નમાં જ છે? મારો વિરોધ અહીં લગ્ન સામે નથી. લગ્ન બાદ થતા શોષણ અને તેની સ્વંતત્રતા પરની જોહુકમી સામે છે. દીકરી જન્મે ત્યારથી તેને એ રીતે સંસ્કારવામાં આવે છે કે તેણે પત્ની બનીને શું કરવું? તેની ભાષાથી લઈને તેના હાલવા ચાલવા પર પણ તેનો પોતાનો અધિકાર નથી. આજે થોડી ઘણી જાગૃતિ ભલે આવી હોય છતા પણ સ્ત્રીની પરિપૂર્ણતા તો લગ્નમાં જ માનવામાં આવે છે. 'વીસમી સદીનું ગુજરાત' પુસ્તકમાં શીરિષ પંચાલે નોધ્યું છે, આપણા ત્યાં એક કહેવત હતી, **'ડોસો કુંવારો હોય; કદી ડોસી કુંવારી હોય?'. મુંબઈમાં ૧૯૫૭ની એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં 'કુંવારી ડોસીની આત્મકથા' એવો નિબંધ પૂછાયો હતો.** જે થોડે ઘણે અંસે વીસમી સદીમાં સમાજમાં આવેલી જાગૃતિને સૂચવે છે. લગ્નમાં જ પરિપૂર્ણતા મનાતી હોય તો શું લગ્નવ્યવસ્થામાં સ્ત્રી અને પુરુષના હક જુદા હોવા જોઈએ? અને જો ના તો પછી સ્વંતત્રતા અને સમાનતા જેવા શબ્દો શા માટે સ્ત્રી માટે અપવાદરૂપ બનતા રહ્યા છે. આજે એકવીસમી સદીમાં પણ સ્ત્રી કેટલી સ્વંત્રત છે તેવો પ્રશ્ન થાય? જ્યાં સુધી સ્ત્રી સહન કરે છે ત્યાં સુધી કોઈ પ્રશ્ન ઉઠતા નથી પરંતુ જ્યારે સ્ત્રી અવાજ ઉઠાવે છે ત્યારે જ કેમ સંસ્કૃતિના પાયા હચમચી જાય છે. શું આ પાયા આટલા શિથિલ છે કે સ્ત્રીના અવાજ ઉઠાવવા માત્રથી હલી જાય??? અને શું એકલી સ્ત્રી જ સંસ્કૃતિની વાહક છે પુરુષોનું તેમાં કઈ યોગદાન નથી. આપણા મહાકાવ્ય 'રામાયણ'માં પતિવ્રતા સીતા છે તો સાથે સાથે એક પત્નિત્વનું વ્રત ધારણ કરનાર મર્યાદા પુરુષોત્તમ રામ પણ છે. તો પછી શા માટે આખી સંસ્કૃતિનો ભાર સ્ત્રીના ખભા પર નાખી દેવામાં આવ્યો છે! તે સશક્ત છે માટે જ ને! એક પ્રશ્ન વારંવાર મનમાં ઊઠે છે, એક માત્ર કુદરતી શારીરિક અક્ષમતાને કારણે તેને વારંવાર અશક્ત લેબલ આપવું કેટલે અંશે યોગ્ય છે?

'રામાયણ' હોય કે 'મહાભારત' શા માટે બધા યુધ્ધનાં કારણો સ્ત્રીઓ પર ઢોળી દેવામાં આવ્યાં?તે લખનાર પુરુષ હતા માટે! અત્યાર સુધી એવું જ માનવામાં આવ્યું છે કે કૈકેયીનાં કારણે રામને ગૃહત્યાગ કરવો પડ્યો. કારણ? કારણ કે આપણે 'રામાયણ' ને વામીકિની દ્રષ્ટિથી જોયું. પરંતુ એમ કહીએ કે બહુપત્નિત્વનાં કારણે આ પ્રશ્ન ઉદ્દભવ્યો હોય તો નવાઈ નહી! જો રાજા દશરથને એક પત્ની હોત તો આ પ્રશ્ન ઊભો જ ન થતો હોત. સામાજીક વ્યવસ્થાના સંદર્ભે જોઈએ તો અભિગમ બદલવાની જરૂર છે. ફેર તપાસ કરવાની જરૂર છે. એક નવા અભિગમથી આ મહાકાવ્યોને તપાસવાની જરૂર છે.

'મહાભારત' ની પાંચાલી તો અર્જુનને વરી હતી. છતાં કુંતીના એક વચને તે પાંચે ભાઈઓને મનથી વરે છે અને એક સરખો પ્રેમ પણ કરે છે. જો ત્યારે જ દ્રૌપદીએ કુંતીની આ વાતનો વિરોધ કર્યો હોત તો તેની સ્થિતિ કદાચ સારી હોત. ભરી સભામાં પાસા રમતા પોતાનું બધું હારી ગયેલા પાંચ ભાઈઓ પોતાની પત્નિને સોદામાં મૂકે છે. વર્ષોથી આમ અસ્ત્રીઓને એક વસ્તુ કે રમકડું જ ગણવામાં આવે છે. જે જીવતી જાગતી સ્ત્રીને સોદામાં મુકવામાં આવી રહી છે તેને તો પૂછવામાં પણ આવ્યું નથી કે તેની મરજી શું છે! જે સ્ત્રીને તેના પતિઓએ સોદામાં મૂકી છે, અને હવે પોતાના જ વડીલો સામે તેની આબરૂ લેવાઈ રહી છે તે સ્ત્રીને પ્રશ્ન પૂછવાનો પણ અધિકાર નથી. શા માટે??? જ્યારે જ્યારે સ્ત્રી પ્રશ્ન ઉઠાવે છે ત્યારે જ શા માટે સંસ્કૃતિ હચમચી જાય છે?

રાવણને હરાવી આવ્યાં બાદ સીતાને જ્યારે રામે પોતાની પવિત્રતાની ખાતરી આપવા માટે અગ્નિપરીક્ષા આપવાની કહી ત્યારે સીતા એ પણ પ્રશ્ન ઉઠાવવો જોઈતો હતો કે જો પોતે પતિથી દૂર રહી છે તો તેટલા જ વર્ષ પતિ પણ તેનાથી દૂર રહ્યા છે. એ સ્ત્રી કે જેની મરજી વગર રાવણ તેનું હરણ કરીને લઈ ગયો છે. છતાં તેની પાસે અગ્નિપરીક્ષા કરવામાં આવી. અગ્નિપરીક્ષા માત્ર પત્નિએ જ કેમ આપવી પડી? સ્ત્રી અને પુરુષ જો એક જ સિક્કાની બે બાજુ હોય તો સીતાની સાથે રામે પણ અગ્નિપરીક્ષા આપવાની જરૂર હતી. અંતે આ આખી ઘટના સામે પ્રશ્ન ઉઠાવતા પહેલા વિચાર કરવો પડે. 'લજ્જા' નામની હિન્દી ફિલ્મમાં આ ઘટનાને સુંદર રીતે આવરી લેવામાં આવી છે. અને આ ફિલ્મમાં ડાઈરેક્ટરે સમાજની નરવીવાસ્તવીકતાને પણ બતાવી છે. કે, જો રામ પર કે રામાયણ પર પ્રશ્ન ઉઠાવ્યો તો સમાજ તમારું અસ્તિત્વ ટકવા નહી દે!

આવા પ્રશ્નો સામે ઊભી થતી અન્ય એક વાસ્તવિકતા એ પણ છે કે સ્ત્રી પોતે જ સામાજિક બંધનને પ્રેમ માનવાની ભૂલ કરે છે. તે પછી રામાયણનાં સીતા જ કેમ ન હોય. ખરેખર મહિલા સશક્તિકરણની વાત ત્યાંથી આવવી જોઈતી હતી. જો ત્યારે સીતાએ અગ્નિપરીક્ષા ન આપી હોય તો આજે અનેક સ્ત્રીએ પોતાને પતિવ્રતા ઠેરવવા ડગેલે ને પગલે આવાં બલિદાનો ન આપવાં પડત. ત્યારથી એક એવી પરંપરા આપણા ત્યાં ઘર કરી ગઈ કે મા-બાપ પોતાની દીકરીને સીતાની જેમ બનાવવા ઈચ્છે. પોતાની દીકરીને સીતા નામ આપતા મા-બાપ ગૌરવ અનુભવે છે. શું પોતાના હક માટે લડનાર દ્રૌપદીએ કોઈ ભૂલ કે પાપ કર્યું હતું??

મહાભારતેની પાંચાલી હોય કે આજની કોઈ અબળા સ્ત્રી જો પોતાના પર થતા અત્યાચાર સામે અવાજ ઉઠાવે છે ત્યારે તેને સાથ આપનારાઓ કરતા પગ ખેંચનારાઓ ઘણા હશે. દિલ્હી ગેંગરેપની ઘટના યાદ કરો. આ છોકરીને સાથ આપનારા કરતા તેને દોષી ઠેરાવનારાં લોકો ઘણાં હતા. અને જો એવામાં જો સ્ત્રી ટકી ગઈ તો તેને સ્વચ્છંદી, Arrogant કે Dominant જેવા વિશેષણોથી નવાજવામાં આવે છે. શું આજ સ્ત્રીની પૂર્તિ છે?

આતો એ બધી વાતો છે કે જેને આપણે સાંભળી છે. પરંતુ એવી પણ વાતો કરીએ કે જે કેટલાકે અનુભવી પણ હશે. આજે પણ ઘણાં પરીવારોમાં બનતું હશે કે સ્ત્રી જો કોઈ પહેલ કરે કે પોતાની રીતે આગળ આવવા માંગે તો તે પુરુષપ્રધાન સમાજને ડંખે છે. એક સ્ત્રી વ્યાવસાયિક, નોકરિયાત કે હાઉસવાઈફ હોય તેણે ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવાનું હોય છે. ઘરનાં શાકભાજી, છોકરાઓ અને મોટેરાઓના ટિફિન, ઘરના દરેક દરેક વ્યક્તિની જમવાની પસંદગી વગેરે વગેરે. એ તો માનવું જ રહ્યું કે મેનેજમેન્ટ ની બાબતમાં સ્ત્રી પુરુષ કરતા વધારે ચડયાતી છે. એ પછી ઘર હોય કે ઓફીસ. એટલે જ કદાચ પુરુષ સ્ત્રીને ઘરની બહાર કામ કરવાની પરવાનગી નથી આપતો. પતિ જાણે જ છે કે જો સી બહાર કામ કરશે તો તેનાથી વધારે સફળ થશે. અને વધારે સારી રીતે જવાબદારી પણ ઉઠાવી શકશે. સ્ત્રી બંને લેવલ પર એક સરખી પ્રામાણિકતાથી કામ કરી શકે છે. જ્યારે બંને લેવલે એક સરખી નિસ્ઠાથી કામ કરવું પુરુષ માટે શક્ય નથી.

સ્ત્રીને જો કઈ નડે છે તો તે છે તેની Insecurity. તેને ડર છે કે વિરોધ કરીને તે જશે ક્યાં? અંતે રહેવાનું તો તેણે એ ચાર દિવાલો વચ્ચે જ છે. પરંતુ ઉપર જોયેલા દાખલાઓ ફરીથી યાદ કરો કે જેમણે પોતાના પરીવારની સાથે રહીને પ્રગતિ કરી છે. જો સ્ત્રીને સફળ થવું હશે તો તેણે પોતાનામાં રહેલ Angle of the house ને ગળુ દબાવીને મારીવી પડશે. અને આ Angle of the house નો અર્થ છે પરંપરાથી બંધાયેલ સ્ત્રીની છબીને તેણે ઉખાડીને ફગાવવી પડશે. જ્યારે સ્ત્રી કઈ નવું કરવા જાય છે ત્યારે તેની અંદર રહેલી એન્જલ તેને આવું કરતા રોકે છે. તેને સતત યાદ કરાવે છે કે પુરુષોનાં ગણાતા આ ક્ષેત્રોમાં તેણે ડગ ન માંડવો જોઈએ, નહી તો પુરુષોનું સ્વમાન ઘવાશે. તેણે તો સીતાની જેમ જ વર્તવાનું છે. એટલે જ કહું છું કે સ્ત્રીએ પહેલા પોતાનામાં રહેલ આ એન્જલને મારવી પડશે. આની સાથે સાથે તેણે એક અલાયદા ઓરડાની જરૂર પડશે. અને આ ઓરડો એટલે તેણે પોતાનું આર્થિક પાસું સબળ બનાવવું પડશે. જે વારસો પુરુષને મળે છે તે સ્ત્રીઓને મળ્યો નથી. જો એ વારસો સ્ત્રીઓને પણ મળે તો તે પણ ઘણાં પરિવર્તનો કરી શકે છે. એક ઉદાહરણ આપી મારી આ વાતને સમર્થન આપીશ. અમદાવાદના પ્રથમ મહિલા સમાજસુધારક હરકુંવરબેન ગરીબ કુટુંબમાં જન્મ્યા હતા. પરંતુ તેમના પતિ ધનવાન હતા. પોતાના પતિની મિલકતનો તેમણે સદઉપયોગ કર્યો. એશિયાની પ્રથમ નંબરની હોસ્પિટલ બનાવવામાં તેમણે સૌથી મોટું યોગદાન આપ્યું હતું. તેમજ કન્યા તેમજ વિધવા કેળવણીમાં આગવી ભૂમિકા બદલ અંગ્રેજ સરકારે તેમનું સન્માન કર્યુ હતું. જેમાં તેમના પતિનો બહુ મોટો ફાળો હતો. એટલે એ તો માનવું જ રહ્યું કે સ્ત્રીને આગળ વધારવામાં એક પુરુષ તરીકે ભાઈ, પીતા, પતિ કે દીકરાનું ઘણું યોગદાન છે. અત્યાર સુધી એવુ જ માનવામાં આવતું હતું કે એક સફળ પુરુષની સ્ફળતા પાછળ એક સ્ત્રીનું ઘણું યોગદાન છે, આજના આ આધુનિકયુગમાં વિભાવના બદલાવાને બદલે વિકસી છે- કે, 'સ્ત્રીની સફળતા પાછળ એક પુરુષનું ઘણું યોગદાન છે'. આવું થશે તો જ જીવનનુ ચક્ર બરાબર ચાલી શકશે.

અંતે વર્જિનિયા વૂલ્ફના પુસ્તક 'A Room of One's own' ના અનુસંધાનથી મારી વાતની પૂર્તિ કરીશ. તેમણે આ પુસ્તકમાં સમાજને અંગુલીનિર્દેશ કર્યો છે કે,

-"હટવી દો સુરક્ષાનું પોકળ કવચ, કરવા દો તેને જાત મહેનત, તેને જીવનનો કહેવાતી તફલીકોનો
સામનો કરવાદો, બનવાદો તેને જે બનવું હોય તે" – ડૉક્ટર, એન્જીનિયર, રાઈટર, અવકાશયાત્રી,
ડાન્સર, સીંગર કઈ પણ. પછી કોઈ પુરુષ, આશ્ચર્ય સાથે "મેં એક અવિમાન જોયું' – તેમ ' મેં એક સ્ત્રી
જોઈ' એમ નહી કહી શકે. જ્યારે સ્ત્રી ખોટી રીતે રક્ષીત નહી રહે ત્યારે તે કંઈ પણ બની શકશે. કઈ પણ.."

“દીકરીને ગાય દોરે ત્યાં જાય” કે પછી “દીકરી ને ગાય મન ફાવે ત્યાં જાય “ કહેવાને બદલે તેનું માન અને ગરિમા જાળવી એમ કહો કે “દીકરી મારી જે ધારે તેમાં સફળ થાય!”

## સંદર્ભ સામગ્રી :


૧. “Journey from the Railway tracks to the Mt. Everest”- sinha Arunima on You Tube

૨. http://www.gujaratsamachar.com

૨. વીસમી સદીનું ગુજરાત સંપાદક – પંચાલ શીરિષ, પાર્શ્વ પ્રકાશન

૩. ‘પોતાનો ઓરડો’ સનુ. હરિશ રંજના, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર. આવૃતિ, - 1999


*************************************************************************


ડૉ. પટેલ જલ્પા જે. (મદદનીશ પ્રાધ્યાપક)

સરકારી વિનયન કોલેજ શહેરા,

જિ. પંચમહાલ


Copyright © 2012 – 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat